**પ્રવેશ અરજી સાથે રજુ કરવાના પ્રમાણપત્રોઃ-**

પ્રવેશ અરજીપત્રક રૂબરૂ રજુ કરતી વખતે તેમાં ભરેલી વિગતો સાથે સંબંધિત નીચે મુજબના લાગુ પડતા અસલ પ્રમાણપત્રો બતાવવાના રહેશે. આ પ્રમાણપત્રોની ચકાસણી કર્યા બાદ પ્રવેશ અરજીપત્રક રૂા.૨૫/- ( રૂપિયાપચીસ ) ફી સ્વીકારી અરજી પત્રક ફાઇનલ સબમીટ કરવામાં આવશે અને પહોંચ આપવામાં આવશે.

૨.૧ એસ.એસ.સી. (ધોરણ-૧૦) પરીક્ષા પાસ કર્યાની એક વધારાની ઝેરોક્ષ નકલ સાથે.

૨.૨ એચ.એસ.સી.(ધોરણ-૧૨) પરીક્ષા પાસ કર્યાની માર્કશીટ એક વધારાની ઝેરોક્ષ નકલ સાથે.

નોંધઃ અરજી પત્રક સાથે એસ.એસ.સી. અને એચ.એસ.સી. માર્કશીટની તમામ પ્રયત્નની પ્રમાણિત ઝેરોક્ષ નકલ અલગથી આપવી અને માર્કશીટ ઉપર અરજીપત્રકનો છાપેલો નંબર લખવો.

૨.3 શાળા છોડયાનું પ્રમાણપત્ર ( **School Leaving Certificate** )

૨.૪ ધોરણ-૧૨ પાસ કર્યા અંગેનું શાળાના આચાર્યે આપેલ ટ્રાયલ સર્ટીફીકેટ.

૨.૫ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પરીક્ષા પાસ કર્યાનો સમયગાળો બે વર્ષ કરતા વધુ હોય તો તે દરમ્યાન અન્ય અભ્યાસ કરેલ હોય તે અંગેના પ્રમાણપત્રો.

૨.૬ અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (બક્ષીપંચ),આર્થિક રીતે નબળા વર્ગો (EWS)નાં તથા વાલ્મિકી જાતિના અરજદારોએ સંબંધિત ખાતા દ્વારા નિયત કરેલ નમૂનામાં ખાતા દ્વારા નિયુકત કરવામાં આવેલ નીચે જણાવેલ પૈકીના કોઇપણ સક્ષમ અધિકારીનું જાતિ અંગેનું પ્રમાણપત્ર.

(૧) સમાજ કલ્યાણ અધિકારીશ્રી

(૨) કલેકટરશ્રી / નાયબ કલેકટરશ્રી

(3) જિલ્લા વિકાસ અધિકારીશ્રી / નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી

(૪) મામલતદારશ્રી

(૫) તાલુકા વિકાસ અધિકારીશ્રી

(૬) પ્રાંત અધિકારીશ્રી

(૭) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ ( બક્ષીપંચ )ના ઉમેદવારે તા.૧/૪/૨૦૧૯ ના રોજ પુરા થતા નાણાંકીય વર્ષનું નોન ક્રિમીલેયર સર્ટીફિકેટ રજુ કરવાનુ રહેશે.

૨.૭ ડાંગી ઉમેદવારોએ તેઓ ડાંગ જીલ્લાના રહેવાસી છે તે મતલબનું જિલ્લા કલેકટર કે તેમણે અધિકૃત કરેલ અધિકારીનું પ્રમાણપત્ર તથા ધોરણ ૧ થી ૧૨ જે શાળામાં અભ્યાસ કરેલ હોય તે મતલબનું સંબંધિત શાળાના આચાર્યશ્રીના દાખલા રજૂ કરવા.

૨.૮ વિકલાંગ અરજદારો જે પ્રકારની વિકલાંગતા ધરાવતા હોય તે (૧) વિકલાંગતા અંગેનું નિયત નમૂનામાં સીવીલ સર્જન / સુપ્રિન્ટેન્ડન્ટની પ્રતિ હસ્તાક્ષરવાળું પ્રમાણપત્ર (૨)

પોસ્ટકાર્ડ સાઇઝનો આખો ફોટો (૩) સમાજ સુરક્ષા ખાતા તરફથી આપવામાં આવેલ ફોટા સાથેનું ઓળખપત્ર રજૂ કરવાનું રહેશે.

૨.૯ વિધવા કેટેગરીમાં પ્રવેશ મેળવવા માંગતા ઉમેદવારોએ પ્રવેશ અરજીપત્રક સાથે નીચે મુજબના અસલ આધારો એક ઝેરોક્ષ નકલ સાથે રજુ કરવાના રહેશે.

(૧) વિધવા હોવા અંગેનું મામલતદારનું પ્રમાણપત્ર

(૨) પતિના મરણનો અધિકૃત દાખલો

(૩) પ્રવેશની તારીખ સુધીમાં પુનઃલગ્ન કરેલ નથી. તે મતલબનું રજીસ્ટર્ડ સોગંદનામુ.

(૪) વિધવા ઉમેદવારના શ્વસુર ગૃહે રેશનકાર્ડમાં નામ ઉમેરવામાં આવ્યુ હોય તેનો આધાર .

(૫) પતિનું નામ અવસાન બાદ રેશનકાર્ડમાંથી રદ કરવામાં આવ્યુ હોય તેનો આધાર ઉપર (૪)તથા (૫) ના વિકલ્પે વિધવા ઉમેદવારના તેમના શ્વસુર પક્ષે મતદાર યાદીમાં ઉમેરવામાં આવેલ હોય તેનો આધાર તથા પતિના અવસાન બાદ મતદાર યાદીમાંથી નામ કમી થયેલ હોય તો તેનો આધાર.

(૬) વિધવા બહેનોની ઉમર ૧/૭/૨૦૧૯ ના રોજ ૧૮ વર્ષથી ઓછી અને 33 વર્ષથી વધુ ન હોવી જોઇએ.

૨.૧૦ **સૈનિક / માજી સૈનિકઃ-** જિલ્લા સૈનિક બોર્ડનું પ્રમાણાપત્ર રજુ કરવાનું રહેશે.

૨.૧૧ **ઉર્દુ માધ્યમઃ**-ઉર્દુ માધ્યમમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારોએ ધોરણ-૧૦ ની પરીક્ષા ઉર્દુ માધ્યમમાં પાસ કરેલી હોવી જોઇએ.

૨.૧૨ **હિન્દી માધ્યમઃ**- હિન્દી માધ્યમમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારોએ ધોરણ-૧૦ ની પરીક્ષા હિન્દી માધ્યમમાં પાસ કરેલી હોવી જોઇએ.

૨.૧૩ **મરાઠી માધ્યમઃ**-મરાઠી માધ્યમમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારોએ ધોરણ-૧૦ ની પરીક્ષા મરાઠી માધ્યમમાં પાસ કરેલી હોવી જોઇએ.

નોંધઃ- અસલ આધારો પ્રવેશ અરજીપત્રક રજુ કરતી વેળા તેમજ પ્રવેશ મેળવતા સમયે તેની ચકાસણી કર્યા બાદ પરત કરવામાં આવશે ઉમેદવારે ગુણપત્રકો / પ્રમાણપત્રોની બે ઝેરોક્ષ નકલ રજુ કરવાની રહેશે.